# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **રિદ્ધી ઉંધાડ** વાંચે છે.

**************************************************

1) કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યસભામાં કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાનો ખરડો રજૂ કરશે

2) પૂર્વ રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદની આત્મકથાનું આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે વિમોચન

3) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે નવી દિલ્હીમાં વૃક્ષારોપણ અભિયાનનો પ્રારંભ કરશે

4) હવામાન વિભાગની ગુજરાત , કોંકણ, ગોવા સહિત દેશના ઉત્તર-પૂર્વ ભાગોમા આગામી બેથી ત્રણ દિવસ સુધી ભારે વરસાદની આગાહી

5) કોમનવેલ્થમાં તલવારબાજીમાં ભારતીય ખેલાડીઓનુ શાનદાર પ્રદર્શન: કરણ સિંહ, શેરજીન શાંતિમોલે અને તનિષ્કા ખત્રીએ જીત્યા સુવર્ણ ચંદ્રક

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PARLIAMENT AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યસભામાં કેરળનું નામ બદલવા માટે કેરલમ (નામમાં ફેરફાર) વિધેયક 2026 રજૂ કરશે.લોકસભામા ગઈકાલે આ બિલ પસાર કરવામા આવ્યું. રાજ્યસભા આજે રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (સુધારા) વિધેયક 2026 પર પણ વિચારણા અને પસાર કરે તેવી શક્યતા છે.

ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) સુધારા વિધેયક લોકસભામાં વિચારણા અને પસાર કરવા માટે રજૂ કરવામાં આવશે. ગઈકાલે , વિવિધ મુદ્દાઓ પર વિપક્ષ દ્વારા હોબાળાને કારણે સંસદના બંને ગૃહોની કાર્યવાહી ફરી એકવાર સ્થગિત રખાઈ હતી.

# PRIME MINISTER - KOVIND AUTOBIOGRAPHY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આત્મકથા "ભારતીય ગણરાજ્યનો વિજય: મારું જીવન , મારો સંઘર્ષ"નું વિમોચન કરશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે એક સભાને પણ સંબોધિત કરશે.

આ આત્મકથામાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની જીવનયાત્રાનો વ્યક્તિગત અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે , જેમાં તેમની યાત્રા અને જાહેર સેવાને આકાર આપનારા મૂલ્યો અને અનુભવોનુ વર્ણન કરાયું છે.

# MANDAVIYA- CYCLE RALLY

યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવીયાએ આજે સવારે મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે હર ઘર તિરંગા સાયકલ યાત્રાને લીલી ઝંડી આપી હતી. શ્રી માંડવીયાએ દિલ્હી યુનિવર્સિટીના માયભારત સ્વયંસેવકો સાથે રેલીનું નેતૃત્વ કર્યું હતું. આ રેલી સ્ટેડિયમથી શરૂ થઈ છે અને ઈન્ડિયા ગેટ થઈને આગળ વધી રહી છે.

(BYTE: MANSUKH MANDVIYA)

# SHIVRAJ-TREE PLANTATION

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે હરિયાળી અમાવસ્યા નિમિત્તે નવી દિલ્હીમાં વૃક્ષારોપણ અભિયાનનો પ્રારંભ કરશે. દેશભરના વિવિધ ગામડાઓ અને શહેરોના હજારો લોકો વૃક્ષારોપણ અભિયાનમાં ભાગ લેશે. દેશભરમાં 50 હજારથી વધુ વૃક્ષો વાવવાનો સામૂહિક સંકલ્પ લેવામાં આવ્યો છે.

નાગરિકોને વિનંતી કરતા, શ્રી ચૌહાણે કહ્યું કે હરિયાળી અમાવસ્યા એ પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક છે. વૃક્ષારોપણ એ માત્ર પર્યાવરણીય સંરક્ષણનું કાર્ય નથી, પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે સલામત, સુરક્ષિત અને સુંદર ભવિષ્યનો પાયો નાખવાનો એક માર્ગ પણ છે.

# RANDHIR JAISWAL ON ARUNACHALPRADESH

ભારતે કહ્યું છે કે અરુણાચલ પ્રદેશ ભારતનો અવિભાજ્ય અને અભિન્ન ભાગ છે અને આ નિર્વિવાદ વાસ્તવિકતાને કોઈ પણ બદલી શકતું નથી. ગઈકાલે નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે , ભારત અને ચીન વચ્ચેના સરહદી વિસ્તારોને લગતા મામલાઓમાં , નવી દિલ્હીએ હંમેશા ભાર મૂક્યો છે કે ચીન સાથે દ્વિપક્ષીય સંબંધોના એકંદર વિકાસ માટે આ વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-જાળવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

(BYTE: RANDHIR JAISWAL)

# US-TRUMP-MODI-TARIFFS

અમેરિકાના રાષ્ટ્રપતિના સલાહકાર પીટર નાવારોએ કહ્યું છે કે , રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે ખૂબ જ સારા કાર્યકારી સંબંધો છે અને તેઓ રશિયન-તેલ-સંબંધિત ટેરિફ મુદ્દાને લગતા મુદ્દાઓનું નિરાકરણ લાવશે. આ ટિપ્પણીઓ ભારત અને અમેરિકા દ્વારા તેમના ગાઢ સંબંધોને આગળ વધારવાના પ્રયાસો વચ્ચે કરવામા આવી છે.

અગાઉ 7 ઓગસ્ટના રોજ, અમેરિકાની સંસદે એક દ્વિપક્ષીય બિલ પસાર કર્યું હતું, જે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ભારત અને ચીન સહિત પાંચ દેશોમાથી આવતાં સામાન પર 100% ટેરિફ લગાવવાનો અધિકાર આપી શકે છે. ભારત ચીનની સાથે વૈશ્વિક સ્તરે રશિયન ક્રૂડ ઓઇલના સૌથી મોટા ખરીદદારોમાંનો એક છે.

# WORLD BANK-PAK FUNDS

વિશ્વ બેંકે પાકિસ્તાન સરકારના એક વિવાદાસ્પદ નિર્ણય સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી ચેતવણી આપી છે. સરકાર બલુચિસ્તાનના પૂરગ્રસ્ત પરિવારો માટે નક્કી કરાયેલું અબજો રૂપિયાનું ભંડોળ અન્ય પ્રોજેક્ટ્સ તરફ વાળી રહી છે. વિશ્વ બેંકના મતે આ આર્થિક ફેરબદલથી ગરીબોની મુશ્કેલીઓ વધી જશે. વિશ્વ બેંક અનુસાર, 84 ટકા પાત્ર લાભાર્થીઓને અતિ ગરીબ અને સંવેદનશીલ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMD- MORNING

ભારતીય હવામાન વિભાગે આજે પૂર્વ રાજસ્થાન , મધ્ય મહારાષ્ટ્ર, ઓડિશા, ઝારખંડ અને ગંગા પશ્ચિમ બંગાળમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગે દેશના ઉત્તર-પૂર્વ ભાગો , સિક્કિમ, ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળ , છત્તીસગઢ, પશ્ચિમ મધ્ય પ્રદેશ , પશ્ચિમ રાજસ્થાન , ગુજરાત, કોંકણ, ગોવા, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર તેમજ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં આગામી બે ત્રણ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે.

આ સાથે જ આંધ્ર પ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, ઝારખંડ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં આવતીકાલ સુધી વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની સંભાવના છે. શનિવાર સુધી અરુણાચલ પ્રદેશ , આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, છત્તીસગઢ, ગુજરાત અને ઉત્તરાખંડમાં પણ આવી જ સ્થિતિ રહેવાની ધારણા છે.

# COLOMBIA QUAKE - RESCUE

કોલંબિયામાં શક્તિશાળી ભૂકંપને કારણે થયેલા વ્યાપક વિનાશ બાદ બચાવ ટીમોએ યુધ્ધના ધોરણે કામગીરી શરૂ કરી છે. સોમવારે વહેલી સવારે 7.4ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો તે બાદ અસરગ્રસ્ત શહેરોમાંથી મળેલા અહેવાલો મુજબ મંગળવાર સુધીમાં મૃત્યુઆંક 200 ની આસપાસ પહોંચી ગયો છે. કાલીમાં લગભગ 101 લોકોના મોત થયા છે જ્યારે 95 લોકો માર્યા ગયા છે.

ભૂકંપથી અનેક ઇમારતો, ઘરો, શાળાઓ અને આરોગ્ય કેન્દ્રોને નુકસાન થયું છે. કોલંબિયાના રાષ્ટ્રપતિએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી અને ઘર ગુમાવનારા લોકોને નાણાકીય સહાયની ખાતરી આપી.

આ સાથે જ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભૂકંપમાં થયેલા જાનહાનિ અને વિનાશ પર દુઃખ વ્યક્ત કર્યું છે. પોતાના સંદેશમાં ડૉ. જયશંકરે પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની પણ પ્રાર્થના કરી છે. તેમણે કહ્યું કે ભારત શક્ય તેટલી બધી મદદ કરવા તૈયાર છે.

# COMMONWEALTH FENCING

નાઇજીરીયાના લાગોસમાં રમાઈ રહેલી કોમનવેલ્થ ફેન્સિંગ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને ચંદ્રકોમા વધારો કરી રહ્યા છે. ગઈકાલે રાત્રે ભારતીય તલવારબાજોએ દેશ માટે સુવર્ણ , રજત અને કાંસ્ય ચંદ્રકો જીત્યા છે.

સિનિયર મેન્સ સ્પર્ધામાં કરણ સિંહ અને શેરજીન શાંતિમોલે ભારત માટે સુવર્ણ ચંદ્રક જીત્યા છે. 7-11થી પાછળ રહ્યા બાદ કરણે મેચ 15-12થી જીતી હતી. શેરજીન શાંતિમોલે બીજા ક્રમાંકિત દક્ષિણ આફ્રિકાના ફેન્સર પીટર ક્રુગરને 15-6થી હરાવીને ટોચનું સ્થાન મેળવ્યું છે.

સિનિયર મહિલા સ્પર્ધામાં , ભારતીય મહિલા ફેન્સર્સે ત્રણ ચંદ્રક જીત્યા. તનિષ્કા ખત્રીએ સુવર્ણ ચંદ્રક જીત્યો, અને ખુશી દાભાડેએ રજત ચંદ્રક જીત્યો. પ્રાચી લોહાને ઓસ્ટ્રેલિયાના હેરિસન એસ્ટલ સાથે ત્રીજું સ્થાન મેળવીને કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

# CANADIAN OPEN TENNIS

ટેનિસમાં, સ્પેનના 20મા ક્રમાંકિત રાફેલ જોડારે ફ્રાન્સના આર્થર ફિલ્સને 7-6, 6-3 થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો.

રાફેલ જોડાર આવતીકાલે સેમિફાઇનલમાં અમેરિકાના 28મા ક્રમાંકિત બ્રાન્ડોન નાકાશિમા સામે રમશે. અમેરિકાના બ્રાન્ડોન નાકા-શિમાએ ઇટાલીના લુસિયાનો ડાર્ડેરીને 6-2, 6-3થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. આ સાથે જ આવતિકાલે સેમિફાઇનલમાં સ્વિયાટેકનો મુકાબલો યુક્રેનની નવમી ક્રમાંકિત એલિના સ્વિ-ટોલિના સામે થશે.

# CHAR DHAM YATRA

ચાર ધામ યાત્રાના બીજા તબક્કાની શરૂઆત સાથે યાત્રાળુઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દેશભરમાંથી શ્રદ્ધાળુઓ કેદારનાથ અને બદ્રીનાથ ધામમા જઈ રહ્યા છે. શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના પ્રમુખ હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે , વરસાદ છતાં બધી વ્યવસ્થા યોગ્ય રીતે કાર્યરત છે. યાત્રાળુઓની અવરજવર સરળ અને સલામત રહે તે માટે વ્યવસ્થા કરવામા આવી છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજે અખબારોમાં વિવિધ સમાચારો વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે કે, હોર્મુઝ 2029 સુધી બંધ રહેશે: ઈરાન.
- "NDAનાં સાંસદો અને વિપક્ષી સાંસદો આમને સામને" ના સમાચાર સંદેશે મુખ્ય મથાળે લીધા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે , NHAIનો AM/NSને પત્ર , મુંબઈ-દિલ્હીની કનેક્ટિવિટી ખોરવાઇ જશે, 400 કેવીનો ટાવર હટાવો નહિ તો એક્સપ્રેસ વે બંધ કરી દેવો પડશે.
- નવગુજરાત સમયે લખ્યું છે કે , FCRA બિલ સંયુક્ત સંસદીય સમિતિને મોકલવા વિચારણા.
- કાશ્મીરી પંડિતો પર ફરી ખતરો વર્ક ફ્રોમ હોમનો આદેશના સમાચાર ફૂલછાબે પ્રથમ પાને લીધા છે.
- સ્થાનિક સમાચારોમાં સ્વચ્છતા ન રાખતી પાલિકા-મનપાને હવે ગ્રાન્ટ નહિ મળે: CMની ચીમકી, આજે પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં ઓરેન્જ એલર્ટ , દિવ્યાંગ સહિત ખેલાડીઓની સહાય 25 લાખથી વધારીને 50 લાખ કરાઇ, મહીસાગરમાં ચાંદીપુરાના પ્રથમ શંકાસ્પદ કેસમાં બાળકીનું મોત , રાજ્યમાં શાકભાજીના 6 હજાર 35 નમૂનાની તપાસ, 170માં પેસ્ટીસાઇડની માત્રા વધારે જેવા સમાચાર વાંચવા માંલી રહયા છે.